સ્વકેન્દ્રીથી સમકેન્દ્રી
વિશ્વ તરફની ઉડાન...

# પંખ

ISSUE : 0 | JAN 2016

*Hold fast to dreams,
For if dreams die,
Life is a broken winged
bird that cannot fly.
- Langston Hughes*



# Magazine intro

"નયા દૌર હૈ ઉસે અપનાઓ,
અપની સોચ પર પંખ લગાઓ"

જમાનો ફાસ્ટ છે, લોકોને છુટક-છુટક દુકાનો કરતા શોપિંગ મોલ કે ઓનલાઈન શોપિંગ વધારે માફક આવે છે. એ જ રીતે આ અભિગમ સાહિત્યિક દ્રષ્ટીએ ઘણો અસરકારક નીવડે એમ છે. અત્યારે ઘણા મેગેઝીન સાહિત્યને નવી ઉંચાઈએ લઇ જવાની દિશામાં કાર્ય કરી રહ્યા છે. બેશક, એ સારું કાર્ય છે, પણ ગુજરાતી સાહિત્યને ટકાવવા પાછળ વધારે મહેનત કરવાની જરૂર છે એવું અમને લાગે છે. ઘણીવાર બહું 'હાઇલેવલ'નું કામ કરવા પાછળની મહેનત અને માથાકુટમાં, 'લો લેવલ'નું જે બેઝીક કામ છે એને ભૂલી જઈએ છીએ. ઠીક એવું જ, ગુજરાતી સાહિત્ય સાથે પણ થઇ રહ્યું છે. ઘણીવાર લોકલને ગ્લોબલ બનાવવા પાછળ એની જે મીઠાશ છે એ જ ભુલાઈ જાય છે.

આવા જ દોરમાં અમે તમારી સમક્ષ એક એવું મેગેઝીન લઇ આવ્યા છીએ જે 'પ્યોર' ગુજરાતી ભાષી હોવાનો દાવો નથી કરતું પણ ગુજરાતી ભાષા પ્રત્યે થોડોઘણો રસ કેળવાય એ જ અમારો મુખ્ય ઉદેશ.(આથી જ અમે 'સામાયિક' ને બદલે મેગેઝીન શબ્દ પ્રયોજ્યો છે)

અમને આશા છે કે ગુજરાતી ભાષા માટે આ એક એવું "પંખ" સાબિત થશે જે ગુજરાતી અસ્મિતાને અને ગુજરાતી ભાષાને આસમાનની ઉંચાઈએ ભલે ના લઇ જાય પણ ચોક્કસ ગુજરાતી ભાષાને સારી જગ્યા એ સ્થાનાન્તરિત કરવા માટે તો અસરકારક નીવડશે જ!

ટૂંકમાં આ કોઈ 'ગુજરાતી-ભાષી-સામાયિક' નહી બલકે 'ગુજરાતી-મેગેઝીન' છે.

वक़्त आने पर बता देंगे तुझे, ए आसमान,
हम अभी से क्या बताएँ क्या हमारे दिल में है|
सरफ़रोशी की तमन्ना अब हमारे दिल में है,
देखना है ज़ोर कितना बाज़ू-ए-क़ातिल में है|

-बिस्मिल अज़ीमाबादी

# સંપાદકની કલમે

'ચાલો કંઇક નવું કરીએ' – આ વિચારથી જ કંઇક નવું થતું હોય છે. 'પંખ' ની શરૂઆત પણ કંઇક આવા જ વિચારથી થઇ એમ કહી શકાય. અમે મિત્રો એકવાર બસ એમ જ બેઠા હતા. વાતો વાતોમાં વિચાર આવ્યો કે સાહિત્યની દ્રષ્ટિમાં કંઇક વિચારીએ. પણ FINANCIALLY BACKUP વગર જ કંઇક કરવું હોય તો ONLINE-MAGAZINE જ સારો વિકલ્પ છે- એવું નક્કી થયું. આ માટે MENPOWER પણ જોઈએ. આથી અમે એક ટીમ બનાવવાનું નક્કી કર્યું. અમારી સાથે ક્યારેક કોન્ટેક્ટ માં આવેલા અથવા સારા મિત્રો હોય એવા લોકોને અમે એકઠા કર્યા કે જેઓ સાહિત્યમા INTERESTED તો હોય જ, સાથે સાથે આ માટે નિષ્ઠાપૂર્વક ટાઈમ પણ આપી શકે. કેમ કે MAGAZINE ની દિશામાં વિચારતા અમને સમજાયું છે કે, MAGAZINE IS NOT ONLY ABOUT WRITING. આ કામ ઘણી મહેનત અને સમય માગી લે એવું કામ છે. મોટાભાગની કોલમ લખવામાં અમારી ટીમ નો જ નમ્ર પ્રયાસ રહેશે. ક્યારેક અમુક કોલમ અમે અમારા કોન્ટેક્ટના WRITER LIST માંથી સારા WRITERS પાસે પણ લખાવીશું. એ સિવાય MAGAZINE માં વાચક-મિત્રો માટે એક SPECIAL કોલમ છે. ને બીજી એક વાત. ટીમના બધા મેમ્બર હમઉમ્ર છે, ૨૦-૨૧ વર્ષના.

ચાર-પાંચ અમારી ટીમ મિટિંગ, મારી ને યાજ્ઞિકની અસંખ્ય વ્યક્તિગત મીટીંગ, ઘણા બધા લોકોની સલાહ, પ્રતિભાવો, ઘણા બધા સમય અને મહેનતના રોકાણને અમુક અચૂક અવરોધોને પાર કરીને 'પંખ' ને અમે 'પંખ' આપી ઉડવા માટે યોગ્ય બનાવ્યું છે. આશા છે સાહિત્યની દિશામાં અમારા પગલાને બિરદાવશો.

-કેયુર દુધાત

તૈયાર થઇ રહેજો  કે ઝાઝો સમય નથી,<br>
ટહુંકી રહ્યું છે કોઈ હવે મારા કાનમાં!<br>
-ભગવતીકુમાર શર્મા

# વેંત-વાર્તા

## "મેરેજ-એનીવર્સરી"

અંધારું ઓલવાઈ ગયું. પુરા જગને પ્રકાશિત કરવાના સંકલ્પ સાથે સૂર્યએ પશ્ચિમ તરફ દોટ મૂકી. એક પ્રકાશિત કિરણ બારી વાટે થઈને નીરજના મુખ પર ફરી વળ્યું. આજે એમના લગ્નની ૧૪ મી વર્ષગાંઠ હતી. નીરજની ઊંઘ ઉડી એ સાથે જ એણે હાથમાં કોફીના બે મગ સાથેની ટ્રે લઇ ઉભેલી સ્વાતિને જોઈ.

નીરજે ઉભા થઇ સ્વાતિના કપાળ પર હળવું ચુંબન કર્યું અને તેનો હાથ પકડીને બાલ્કની તરફ લઇ ગયો. બાલ્કનીમાં ઉભા રહી કોફીની પહેલી સિપ લઇ સ્વાતિનો હાથ પકડીને નીરજ બોલ્યો,

"HAPPY MARRIAGE ANNIVERSARY DARLING.... LOVE YOU SO MUCH.... "

સ્વાતી પણ "HAPPY ANNIVERSARY SWEET-HEART "– એવું બોલવા ગઈ... પણ એના શબ્દો ત્યાં જ થીજી ગયા.

....ને સ્વાતિની નજર સામે બધુ તરવરી રહ્યું.

....૧૭ વર્ષ પહેલા ટ્રક સાથે અથડાઇને ઉથલી મારી ગયેલી એની કાર, ગળાને વીંધીને આરપાર નીકળી ગયેલો એક કાચનો ટુકડો.... એના કાનમાં ગુંજતા રહ્યા કેટલાક શબ્દો,

" WE ARE SORRY, IT'S A PERMANENT VOCAL CORD DAMAGE. WE CAN'T REVERSE IT."

ને ત્યારથી પોતાના નસીબમાં લખાઈ ગયેલું આજીવન મૌન.......

નીરજે સ્વાતિની આંખોમાં જોયું.

નીરજના હાથમાં રહેલા પોતાના હાથની પકડ મજબુત બનતી સ્વાતી અનુભવી રહી.

આવી જ રીતે લાંબા લચાક લખાણ ને ટાળીને એક વેંત જેટલા વિસ્તારમાં સીધી હ્રદયથી નીકળેલી, ને હ્રદય સુધી પહોંચવા મથતી વાર્તા એટલે વેંત-વાર્તા...

- યાજ્ઞિક વઘાસીયા

# Photo-Story




એક વીતેલી પળ ના પ્રવાસમાં,
ટેરવેં આવીને પગલાં રહી ગયા.

કશેક ચાલતા ચાલતા વિચારો ની શૂન્યતામાંથી એકાદ યાદનું ડોકિયું થાય ને પછી એક ઉજવાઈ ગયેલ પ્રસંગના દ્વારમાં પ્રવેશો, એ પહેલા વિચારી લેવું ખરું, કે આંખ ના ખૂણે ભેજ તો નથી ને!

-રિકીન ધડુક

# લ્યો...લખાઈ ગઈ કવિતા

ભરપેટ તને ના જમાડી શકું,
પણ એક કોળીયો તો તને ધરી જ શકું.
ઘણા સંઘર્ષોનો સરવાળો છું,
એમ ને એમ જ કેમ હું મરી શકું?

વસંત નથી તો કઈ પાનખર પણ નથી,
એમ સહેલાઈથી તો હું કેમ ખરી શકું?
સુખનો અર્થ કંઇક આવો થાય છે,
મને જે ગમે એ હું બેધડક કરી શકું.

‘થું’ થઇ જાય એવો ખારો દરિયો નથી,
હું મીઠું ઝરણ છું, હંમેશા ઝરી શકું.
આધાર નથી તો હું એમ જ બેસી રહું?
એક ઈશના સહારે હું બધુ જ તરી શકું.

ફાનસનો દીવો આથી સર્વથા આવરિત છું,
હું ખુલ્લો દીપક નથી જે પવનથી ઠરી શકું.
રાત પડી ગઈ એટલેથી હું અટકી જાઉં?
હું એક સુરજ છું આથી અંધકાર પણ હરી શકું.

-યાજ્ઞિક વઘાસીયા

# લપડાક

કાળની થપાટ, પવનની ઝપાટ, માતાપિતાની થપ્પડ,દોસ્તારનો લાફો અને બીજું ઘણું જે અલગ અલગ નામે ગાલ પર વીંઝાય...આ બધું કરે શું?... આ બધાની અસર અંતે તો તમારા વિચારોની, તમારા કાર્યોની જે દિશા છે,તેને બદલાવીને જ રહેવાની



ભલે ગમે તેટલું કડવું લાગે પણ 'લપડાક' તમને ક્યાંક ને ક્યાંક ઘડતરમાં મદદરૂપ થાય છે બસ, અત્યારના કહેવાતા ટ્રેન્ડસ, મેટાફર્સ કે વિચારોનું તાર્કિક દલીલો અને નક્કર સત્યોથી મૂલ્યાંકન તથા તે પ્રવર્તિત બાબતો પર કેળવાતો નવો દ્રષ્ટિકોણ

તમને કોઈ વાર કોઈની વાત સાંભળી કે એનું વર્તન જોઇને થપ્પડ મારવાની ઈચ્છા નથી થઇ જતી?? કે "આને કોઈએ બે મારી હોય ને તો અક્કલ ઠેકાણે આવી જાય!!!" બધાને તો આપણે કઈ પહોંચી વળવાના છીએ નહી. અહીં અમારો એક નમ્ર પ્રયાસ; શબ્દોથી; નેગેટીવીટીને પોઝીટિવીટીની લપડાક મારવાનો, મુશ્કેલીઓને થોડી હિંમતની, તો જનરેશન ગેપને સમજણની અને કન્ફયુઝનને ઉકેલ તરફના એક કદમની દિશામાં વીંઝવાનો....

# નવલકથા

પુરુષની પ્રકૃતિ એટલે પૌરુષતા નો પર્યાય...
પરંતુ પુરુષ એટલે ખડતલ છાતી પાછળના અહંકારના આવરણથી ઢંકાયેલ એક કોમળ હ્રદય...
પુરુષ એટલે ભીની લાગણીઓનો તરસ્યો ચાતક...
પુરુષ એટલે સર્વસ્વ પર વર્ચસ્વ સ્થાપવાની ઈચ્છા ધરાવતો શાસક...
પુરુષ એટલે લાગણીઓ વ્યક્ત ન કરી શકતો સર્વશ્રેષ્ઠ ચાહક...

જયારે કોઈ સ્ત્રી પોતાનો વિશુદ્ધ પ્રેમ-હુંફ અવિરત પણે પુરુષ પર વરસાવે છે ત્યારે પુરુષના હ્રદય પરનું વજ્ર જેવું અહંકાર-આવરણ પીગળીને પ્રેમ સ્ત્રવે છે. સ્ત્રી દ્વારા લાગણીઓથી સિંચાયેલ પુરુષ તે સ્ત્રી ના સમગ્ર અસ્તિત્વને પ્રેમથી તરબોળ તૃપ્ત કરી દે છે. સમ્રાટ બનીને શાનથી ફરતા પુરુષને પણ પ્રેમાળ અને સમજદાર પત્ની સામે ઝૂકવું ગમે છે. કાર્ડ,ગીફ્ટસ કે ફેસબુક ટાઇમલાઈન પર અલંકારિક ભાષામાં પ્રેમ અભિવ્યક્ત ન કરી શકતા પુરુષનો પ્રેમ, સ્ત્રી કરતા ઘણો વધારે હોય છે. કોઈ પુરુષને પોતાને પ્રેમ કરતો કરવો એ થોડું અઘરું છે પણ પ્રેમમાં પડેલા પુરુષને પ્રેમ કરતો રોકવો એ પણ પ્રાયઃ અશક્ય વાત છે.

સ્ત્રી અને પુરુષની સહજ પ્રેમ પ્રકૃતિ અને પ્રેમ પ્રવૃતિના દ્રષ્ટાંત એટલે ‘સમિધ’ અને ‘આહુતિ’... કોલેજકાળની બન્નેની પ્રથમ મુલાકાતથી જ શરુ થયેલી તેમની વેર યાત્રા... એકબીજાના અહંકારથી વધેલો વેરાગ્નિ... સમય અને સંજોગથી બનેલા જીવનના સહયાત્રી...સમિધને સમજાવવાના પ્રયાસો કરતા અનાયાસે જ તેને ચાહવા લાગતી આહુતિ...લાગણીઓથી સીન્ચાયેલો તેમનો જીવન બાગ અને તેના ઐક્યના પ્રતિક સમાં બે પુષ્પો “અનેરી” અને “અનોખી”...

સમિધ અને આહુતિ ના જીવનમાં સતત ઉજવાય રહેતા એક આનંદ-ઉત્સવની ગાથા એટલે “**ઐક્યોત્સ્વ**”...ડો.અવની માણસુરિયાની કલમે લખાયેલ આ નવલકથા આપ સૌ સમક્ષ પ્રસ્તુત થતી રહેશે.

# Shine in the Mine!...

ક્યારેક એવું થાય ને કે ખુબ બધા, નવા, ડિઝાઈનર ડ્રેસીસ પડ્યા હોય અને અચાનક એક જુનું મમ્મી નું પટોળું કે સાડીનું મટીરીયલ મળી જાય અને એ પહેરીને આમ કેવું એટેન્શન મળવા લાગે?

ક્યારેક 'આઉટ ઓફ ફોર્મ' કહેવાતા કે આમ ખાસ કાંઈ ઉકાળવાનું બંધ કરી દીધેલ ખેલાડી મેચ જીતાડી આપે તો ક્યારેક કદી ન સાંભળેલું ગીત કે નવરા બેઠા બેઠા આમ પરાણે જોવું પડેલું પિક્ચર પણ ખુબ જ ગમીને મગજમાં ચોંટી જાય..



'shine in the mine" એટલે ખાણમાં માટીના ઢગલા વચ્ચે ,બધાય પથ્થરો વચ્ચે ઝળાહળા રોશની પાથરતો એક પત્થર જે અનાયાસે દ્રષ્ટિ કરતાં નજરે ચડી જાય અને પછી મગજમાં...

આ સેકશનમાં અમે આપને સ્ટીરીયો ટાઇપ ટોપીક્સ કરતા અલગ ક્યાંક માર્કેટિંગ કે પબ્લીસીટીના અભાવે ઓછા ધ્યાનમાં આવેલ મૂવીસ, સોંગ્સ, બુક્સ કે વેબસાઈટસ વિશે જણાવીશું.


બસ આવી જ શાઈનીંગ કૃતિઓના કોન્સેપ્ટ, તેના લેખક કે મેકર્સ ની થોડી જાણકારી તથા આપના માટે તે ક્યાં ઉપલબ્ધ છે તે જણાવવાનો અમારો પ્રમાણિક પ્રયાસ રહેશે.

# મતાંતર

એ ના કહે તું ક્યાં નથી,
લે હું કહું તું ક્યાં નથી;
મારી સમજમાં કાં નથી?
આવ, સમજમાં આવ તું!
-"મરીઝ"

કોઈ તમને પૂછે કે,"ગીતા, બાઈબલ , કુરાન અને બીજા જેટલા ધર્મગ્રંથો છે તે શું શીખવે છે?"

"ઊંડાણમાં તો ભણ્યા વગર કેમનું કહી શકાય?"
"મને તો આમાં ઇન્ટરેસ્ટ જ નહી "
"ગુગલ કરી જોઉં?"
"કોઈ સાબિત કરી આપવાનું છે?"
"આપણે તો આ બધામાં માનતા જ નથી "



સામે અમુક વિરોધીઓ કહે છે કે આજના યુવાનોમાં ધર્મ વધુ પ્રચલિત છે માત્ર એના માપક બદલાયા છે હવે તે Whatsapp, facebook પર ફરવા લાગ્યા કે, મંત્ર કે ચીન્હોરૂપે કુર્તી કે ટીશર્ટ પર પહુંચવા લાગ્યા છે, રીમીક્સ ભજનોમાં ગવાવા લાગ્યા છે પરંતુ આસ્થા હજી ક્યાંય ઓછી નથી થઇ.

તેથી જ આજના યુવાનોને ગમે તેવી રીતે, શક્ય તેટલી સરળ ભાષામાં ધર્મગ્રંથો ના અર્થો, અમુક રીવાજો જેની પાછળનું ધાર્મિક મહત્વ અજાણ્યું છે એ અને વિવિધ સંસ્કૃતિઓ વિશેની  રસપ્રદ વાતો કરીશું.

ધર્મ સંબંધિત યુવાનો માટે મોટાઓના મત તથા મોટાભાગના યુવાઓના મત સમક્ષ અમારો આ 'મતાંતર'...

# Catalyst



**After failing twice, Edward Hillary challenged Mt. Everest,**

**”I will come again & conquer you, as a mountain you can not grow, but as a human I can…”**

મોટીવેશન શબ્દ અત્યારે બધા માટે સામાન્ય હોય એવું લાગે, કાં તો આપણા બધાના ઘડા છલકાય ગયા છે કાં તો પછી આપણને એમાં રસ નથી રહ્યો… દુનિયાના જેટલા પણ લોકો મહાન થયા, પછી એ પૈસાથી હોય કે વિચારોથી પણ દરેક ના જીવનમાં અમુક વાતો કોમન જોવા મળે જેમકે એ બધા પોતાના વિચારોને કન્ટ્રોલ કરે છે જયારે આપણને આપણા વિચારો કન્ટ્રોલ કરે છે હવે આ જ મોટીવેશનને એક નવા જ રૂપ રંગ આપીને, શક્યતાઓથી ભરપુર સફળતાના શિખરો સર કરવા ‘catalyst’ બનીને તમારી સામેં રજુ કરવાનો નમ્ર પ્રયાસ કરીશું…

રસ્તો નહી જડે તો રસ્તો કરી જવાના;<br>
થોડા અમે મૂંઝાઈ મનમાં મરી જવાના!<br>
નિજ મસ્ત થઇ જીવન આ પૂરું કરી જવાના;<br>
બિંદુ મહીં ડૂબીને સિંધુ તરી જવાના!<br>
કોણે કહ્યું કે ખાલી હાથે મરી જવાના ;<br>
દુનિયાથી દિલના ચારે છેડા ભરી જવાના!

-અમૃત ‘ઘાયલ’

# ગુલાબજળ

'ગુલાબજળ' શબ્દ સાંભળતા બજારમાં મળતા 'આછા ગુલાબી' રંગની બોટલ યાદ આવે અથવા તો ગુલાબની તાજી પાંખડીઓને ઘરે જ ટ્રીટ કરીને બનાવેલું સુગંધી પ્રવાહી યાદ આવે. 'ગુલાબજળ'એ ફ્રેશનેસ આપતું ને ખીલના ડાઘા દુર કરતું આયુર્વેદિક પ્રવાહી છે પણ આપણે અહી ગુલાબજળના એ આયુર્વેદિક પાસાંને થોડીવાર ભૂલીને લેખકે લખેલા-વિચારેલા એવા ભાવવિશ્વનો વિચાર કરીશું, જેમાં કેટલીક વ્યક્તિઓ, વસ્તુઓ ,પ્રસંગો કે પરિસ્થિતિઓ 'ગુલાબજળ' તરીકે વર્તીને વાચકોના દિલોદિમાગ ઉપર 'સ્વીટ ફ્રેશનેસ' ફેલાવી જશે ને એ વાંચીને વાચકોના મનમાં અચૂક 'ફ્રેશ થી ગયું'- જેવો ભાવ આવી જશે.

'ગુલાબજળ' એ નવલિકા(ટૂંકી વાર્તા)ની કોલમ છે. આમ જોવા જઈએ તો નવલિકા એ નદી જેવી હોય છે, અમુક ઊંડી તો અમુક છીછરી, અમુક મોસમી તો અમુક બારેમાસ વહેતી રહેતી અંતે સાગરને મળે છે, પણ અમુક 'ક્ષેત્રનદી' જેવી હોય છે, જે મંઝીલ સુધી પહોંચ્યા પહેલા જ સુકાઈ જાય છે પણ આ બધી નદીમાં એક વાત કોમન છે "પ્રવાહીતા".

ગુલાબજળમાં પણ અમુક એવી જ "નવલિકા" છે જે તમારા હ્રદયને પ્રવાહીતા આપશે ને અંતે તમારા તરફથી બે જ ઉદગાર સરાવી દેશે," જે થયું એ બરાબર થયું" અથવા "યાર...આવું ન થવું જોઈએ.."


આમ તો સ્થળ ક્યાં કોઈ બાકી હવે?
કોઈના દિલ સુધી લટાર મારી આવીએ!

- ડો મુકેશ જોશી

# લવ-ટેંક

વેચાઈ જવા કરતાંય વધુ વહેચાઈ જવામાં લિજ્જત છે,
હર ફૂલ મહીં ખુશબો પેઠે ફેલાઈ જવામાં લિજ્જત છે;
ગભરુ આંખોમાં કાજળ થઇ લહેરાઈ જવામાં લિજ્જત છે,
ચર્ચાનો વિષય એ હોય ભલે, ચર્ચાઈ જવામાં લિજ્જત છે.

-અમૃત ‘ઘાયલ’




પ્રેમ વિશે જેટલું પોઝીટિવ લખાયું છે એટલું જ નેગેટીવ પણ લખાયું છે!!! પ્રેમના લીધે મળતા દર્દ, જુદાઈ , તડપ સાંભળીને પ્રેમ એક અઘરો વિષય બની ગયો છે. જો સાદી ભાષામાં કહીએ તો પ્રેમ માણવાની વસ્તુ છે કરવાની નહી. પ્રેમમાં પાગલપન પણ જરૂરી છે અને સાથે સાથે સમજણ પણ જરૂરી છે. તો આવા જ પ્રેમને જો પાગલપન ને સમજણ ની નજરે જોવામાં આવે તો તમારી સ્મૃતિ ખુશી થી છલકાય. એ જ નજરને તમારી સમક્ષ ‘લવ-ટેંક’ દ્વારા લાવીશું જેમાં તમે તમારી પ્રેમની ખાલી ટેંક સમજણ થકી ભરી શકશો…

It's like you're my mirror
My mirror staring back at me
I couldn't get any bigger
With anyone else beside of me
And now it's clear as this promise
That we're making two reflections into one
'Cause it's like you're my mirror
My mirror staring back at me, staring back at me.

- JUSTIN TIMBERLAKE

# It's in...



એક ખુબ જાણીતો જોક છે કે,

સ્ત્રીઓને બે મુશ્કેલીઓ હોય છે,

1. પહેરવા માટે કપડા નથી

૨. કપડા મુકવા માટે જગ્યા નથી

હવે જોકે styling & fashion ખાલી છોકરીઓ માટે સીમિત રહ્યું છે તેવું નથી, છોકરાઓ પણ આજકાલ કાંઈ કમ નથી , કપડા, શુઝ, બેલ્ટ, accessories તો હતા જ હવે તો 'Beard'માં પણ ટ્રેન્ડસ થઇ ગયા છે!... છોકરીઓને 'ભઈ,તમારા તો બહુ નખરા' કહેવાનો સમય ગયો.

બસ આમ જ હળવા અંદાજમાં અમે તમને માહિતગાર કરતા રહીશું ફેશનના લેટેસ્ટ ટ્રેન્ડસથી... ચાહે તે કપડામાં હોય, footwear, styles કે બીજી accessories. men's wear હોય કે ladies, indian હોય, western કે fusion, funky હોય કે classic...સાથે મળીને આપણે કહીશું...**"yeah,.. it's in.!!!"**

**In order to be irreplaceable,**

**One must always to be different...**

**-coco chanel**

# ખુલ્લા દ્વાર



ખરેખરમાં જ આ તમારા માટે એક 'ખુલ્લા દ્વાર' સમાન છે, તમે પણ અમારા મેગેઝીનમાં છવાઈ શકો છો અને અમારા મેગેઝીનને 'આપણું' બનાવી શકો છો. અમે મેગેઝીનની અંદર અમુક વિભાગો એવા રાખ્યા છે જેના ઉપર તમે તમારા અક્ષરો ઉપજાવી શકો છો. જરૂર છે બસ તમારા e-mail ની, તમારા basic introduction સાથેની તમારી 'સ્વરચના' (કોઈ પણ ટોપિક ઉપર) અમને મોકલો. અમારી પાસે એકઠા થયેલા e-mail માંથી અમુક ચુનંદી રચનાઓ અમે પસંદ કરીશું અને મેગેઝીન માં સ્થાન આપીશું તો તૈયાર થઇ જાવ કાગળ અને પેન લઈને...

તમારા વિચારોને વાચા આપવા માટે અમે તમારા email ની રાહ જોઈએ છીએ,,,

અમારું e-mail id- **pankhemagazine@gmail.com**


# Champions

એવી રમતો કે જે આપના વડીલો રમતા પણ મોબાઈલ –વિડીયો ગેમ્સ નો era શરુ થયા પછી જેને આપણે ભૂલતા જઈએ છીએ અથવા તો યાદ રાખવાનો પ્રયત્ન સુધ્ધા નથી કરતા સાથે સાથે અમે ક્રિકેટ સિવાયની કટલીક આઉટડોર અને કટલીક ઇનડોર ગેમ્સની સાથ સાથે કેટલાય એવા ચેમ્પિયન્સની જેમણે ક્યારેક અણીના સમયે દાવ ખેલીને દેશને અને આપણને ગૌરવ અપાવ્યું છે.

Indian games = cricket આવી માન્યતા લોકોના મગજમાં ઘર કરી ગયેલ છે ક્રિકેટ એ ભારતમાં બહુ રમતી અને બહુ જોવાતી રમત છે એવું કહેવાય છે કે ભારતીયોને સૌથી વધારે પસંદ બે બાબતો છે એક સિનેમા અને બીજી ક્રિકેટની સ્પોર્ટ્સ કોલમમાં અને ન્યુઝ ચેનલના કવરેજ મા સૌથી વધારે છવાઈ જતી રમત પણ ક્રિકેટ જ છે. પણ અમે અમારી આ કોલમમાં ક્રિકેટના ગ્રાઉન્ડ ની બહાર  નીકળીને વાત કરીશું.-

# Sci-logy

આ Columnમા અમે તમને લઇ જઈશું આદીમાનવથી લઈને અગ્નિ ૫ (મિસાઈલ) સુધીની લાંબી સફર પર,...જ્યાં તમને સાથે સાથે નવા નવા Gadgets અને નવી Technology સાથે ઓળખાણ કરાવીશું.



# Knowtamin

ડોક્ટર્સ ક્યારેક regular medicine ની સાથે-સાથે extra nutritionની tablets પણ prescribe કરે છે knowtamin is vitamin supply to your knowledge level કે જે અમુક interesting facts & figures સાથે તમારું general knowledge વધારશે અને કહેવાય છે ને કે, To know, is to know that you know nothing. That is the meaning of true knowledge.

તો તૈયાર થઇ જાઓ અમુક એવા સત્યોથી અનાવરિત થવા કે જે તમે જાણતા જ નથી અથવા જાણો છો તો ઓછું જાણો છો અથવા તો ખોટું જાણો છો

- ❑ When awake, the human brain produces enough electricity to power a small light bulb.
- ❑ The world’s first pure vegetarian Subway and Domino’s outlet was opened in Ahmedabad
- ❑ *Chai* is India's national drink
- ❑ Martial arts was first created in India
- ❑ The first rocket was so light and small that it was transported on a bicycle to the thumba launching station in thiruvananthapuram, Kerala.

# LOL!!!...



pankhemagazine@gmail.com

http://www.facebook.com/pankhemagazine

09714872871

https://twitter.com/pankh_emagazine

# TEAM

Keyur Dudhat
Yagnik Vaghasia
Rikeen Dhaduk
Manori Shah
Denisha Aghera
Dharati Dekavadiya
Anant Gohil


## Our Special thanks to

Dr. Avni Mansuriya
Mahendra Poshiya